अपील अरजी नं.६९८ ता.१७–३–१२
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી અરવિંદ જી. પટેલ
સામાવાળા :– તત્કાલીન જાહેર માહિતી અધિકારી–રાંદેરઝોન

**ફરીયાદની હકીકત:–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરવિંદ જી. પટેલની તા. ૨–૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) વરીયાવ જકાતનાકાથી નવા શેરડી જકાતનાકા(શહેરની હદ) ઉપર જુન–૨૦૦૬ થી ડીસેમ્બર–૨૦૧૧ સુધી નાયબ ઈજનેર, કાર્યપાલક ઈજનેર તથા ઝોનના વડાએ કરેલ વીઝીટ માટે વપરાયેલ વાહનની વિગત અને કી.મી. દર્શાવતી લોગબુકની નકલ (૨) શેરડી જતા આ રોડ ઉપર જુન–૨૦૦૬ થી ડીસેમ્બર–૨૦૧૧ સુધી કયા કયા પ્રકારના મરામત વિગેરે કામો કરવામાં આવ્યા તેની ઈજારદારના નામ સહિતની માહિતી અને એસ.એમ.સી.એ કરેલ કામો તથા થયેલ પેમેન્ટના વાઉચરો, ચેકની વિગતોની માહિતી વિ. મુદ્દા નં. (૧)થી (૧૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૭–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૯૮/૨૦૧૧–૧૨

શ્રી અરવિંદ જી. પટેલની તા. ૨–૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) વરીયાવ જકાતનાકાથી નવા શેરડી જકાતનાકા(શહેરની હદ) ઉપર જુન–૨૦૦૬ થી ડીસેમ્બર–૨૦૧૧ સુધી નાયબ ઈજનેર, કાર્યપાલક ઈજનેર તથા ઝોનના વડાએ કરેલ વીઝીટ માટે વપરાયેલ વાહનની વિગત અને કી.મી. દર્શાવતી લોગબુકની નકલ (૨) શેરડી જતા આ રોડ ઉપર જુન–૨૦૦૬ થી ડીસેમ્બર–૨૦૧૧ સુધી કયા કયા પ્રકારના મરામત વિગેરે કામો કરવામાં આવ્યા તેની ઈજારદારના નામ સહિતની માહિતી અને એસ.એમ.સી.એ કરેલ કામો તથા થયેલ પેમેન્ટના વાઉચરો, ચેકની વિગતોની માહિતી વિ. મુદ્દા નં. (૧) થી (૧૩)ની માહિતી આપવા બાબતે ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન) ના પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/આઉટ વર્ડ/ નં.૧૧૩૪ તા. ૩–૩–૧૨થી મળેલા પ્રતિભાવ થી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૭–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી દફતરી વિગતો, વર્ક ડાયરી, રોજનીશી, લોગબુકના પાનાની સંખ્યા સહિત હકીકત સ્પષ્ટ કરવા તથા મુદ્દા નં. ૬ અને ૮ અંગે બન્ને મુદ્દા સંબંધ લાગત ફાઈલના નોંધ વિભાગની આ બે મુદ્દા પુરતી કોઈ વિગત હોય તો નકલ સહ મોકલવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૨૦૯૩ તા. ૨૭–૩–૧૨થી તત્કાલીન જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તથા અરજદારને જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર ૫–૬ વર્ષની વ્યાપક માહિતી માટે તપાસણીનો પ્રસ્તાવ સ્વીકારી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે વિગત સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૨૫ તા. ૨૧–૪–૧૨થી પૂરક વિગતોમાં મૂળ અરજીનું પત્રક, નોંધ વિભાગ, અરજદારને આપવામાં આવેલ માહિતીના પત્ર નં. વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/ આ.નં./૧૧૩૪ તા. ૩–૩–૧૨ની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા. ૫–૪–૧૨ના પૂરક પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૨–૨–૧૨ની અરજીથી સને ૨૦૦૬ માં પશ્ચિમઝોન હેઠળ આવેલ વરીયાવ જકાતનાકાથી શેરડી–કોસમ જતો રોડ નવા શેરડી નાકાથી આગળ અંદાજે ૫૦–૬૦ મીટર સારોલી તરફ નાનો કાચો રસ્તો પડે છે ત્યાં સુધી સુરત શહેરની હદ આવેલ છે જે માટે મુદ્દા નં. (૧) થી (૧૩)ની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૧૧૩૪ તા. ૩–૩–૧૨થી અરજદારને મુદ્દા નં. (૧) થી (૧૩)ની માહિતી નિયત સમય અવધિ બાદ પુરી પાડવામાં આવેલ. જે અંગે અરજદારે મુદ્દા નં. ૧, ૩, ૪, ૬, ૭, ૮, ૧૧ અને ૧૨ બાબતે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા. ૧૭–૩–૧૨ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૧૨૫ તા. ૨૧–૪–૧૨ થી પૂર્તતા કરવામાં આવેલ છે. જેમાં અરજીના મુદ્દા નં. (૧) વરીયાવ જકાતનાકાથી નવા શેરડી જકાતનાકા(શહેરની હદ) ઉપર જુન–૨૦૦૬ થી ડીસેમ્બર–૨૦૧૧ સુધી નાયબ ઈજનેર, કાર્યપાલક ઈજનેર તથા ઝોનના વડાએ કરેલ વીઝીટ માટે વપરાયેલ વાહનની વિગત અને કી.મી. દર્શાવતી લોગબુકની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં./૧૧૩૪ તા. ૩–૩–૧૨થી નિયત સમય અવધિ બાદ" રાંદેરઝોન કચેરીના ઉપલબ્ધ રેકર્ડ મુજબ લોગબુકની વિગત

બાબતે રાંદેરઝોન કચેરીએ દફતરી ઈન્સ્પેકશન કરવા માટે તા. ૯–૩–૧૨ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે પશ્ચિમઝોન(રાંદેર) કચેરીના સેકશન ઓફિસરશ્રી(ટેકનીકલ) સમક્ષ હાજર રહેવા વિનંતી છે. ઝોન કચેરીએ ઉપલબ્ધ ઉકત વિગતોનું દફતરી ઈન્સ્પેકશન પ્રથમ અડધા કલાક વિના મૂલ્યે અને ત્યારબાદ દર અડધા કલાકના રૂા. ૨૦/– લેખે મુકરર કરવામાં આવેલ ફી ભરપાઈ કર્યેથી પૂરું પાડવામાં આવશે, જેની નોંધ લેવા વિનંતી છે." તેવું જણાવેલ.

(૨) શેરડી જતા આ રોડ ઉપર જુન–૨૦૦૬ થી ડીસેમ્બર–૨૦૧૧ સુધી કયા કયા પ્રકારના મરામત વિગેરે કામો કરવામાં આવ્યા તેની ઈજારદારના નામ સહિતની માહિતી અને એસ.એમ.સી.એ કરેલ કામો તથા થયેલ પેમેન્ટના વાઉચરો, ચેકની વિગતોની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " શેરડી જતા આ રોડ ઉપર જુન–૨૦૦૬ થી ડીસ ેમ્બર–૨૦૧૧ સુધી મેટલ ગ્રાઉટીંગ /કાર્પેટને લગતા મરાતમના કામો ઈજારદાર પાસે રાંદેરઝોન કચેરીએથી કરાવવામાં આવેલ નથી." તેવું જણાવેલ.

(૩) શેરડી જતા આ રોડ ઉપર જુન–૨૦૦૬થી ડીસેમ્બર–૨૦૧૧ સુધી કેટલીવાર પેચવર્ક (ગાબડા પુરવામાં) કરવામાં આવ્યા તેની દૈનિક કામગીરીની તથા પેમેન્ટની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " શેરડી જતા આ રોડ ઉપર જુન–૨૦૦૬થી ડીસેમ્બર–૨૦૧૧ સુધી કેટલીવાર પેચવર્ક (ગાબડા પુરવામાં) કરવામાં આવ્યા તેની દૈનિક કામગીરીની વિગત આ સાથે પત્રકમાં સામેલ છે તથા સદર કામગીરી ખાતાકીય રીતે હાથ ધરવામાં આવેલ હતી." તેવું જણાવેલ.

(૪) મુદ્દા નં. ૨ અને ૩ માં જણાવેલ કામ બાબતે કયા કયા નાયબ ઈજનેર, કાર્યપાલક ઈજનેર તથા ઝોનના વડાએ સ્થળ વીઝીટ કરી તે વીઝીટની વિગતો–વપરાશમાં લીધેલ વાહન લોગબુકની નકલ સાથે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " રાંદેરઝોન કચેરીના ઉપલબ્ધ રેકર્ડ મુજબ લોગબુકની વિગત બાબતે રાંદેરઝોન કચેરીએ દફતરી ઈન્સ્પેકશન કરવા માટે તા. ૯–૩–૧૨ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે પશ્ચિમઝોન (રાંદેર) કચેરીના સેકશન ઓફિસરશ્રી (ટેકનીકલ) સમક્ષ હાજર રહેવા વિનંતી છે. ઝોન કચેરીએ ઉપલબ્ધ ઉકત વિગતોનું દફતરી ઈન્સ્પેકશન પ્રથમ અડધા કલાક વિના મૂલ્યે અને ત્યારબાદ દર અડધા કલાકના રૂા. ૨૦/– લેખે મુકરર કરવામાં આવેલ ફી ભરપાઈ કર્યેથી પૂરું પાડવામાં આવશે, જેની નોંધ લેવા વિનંતી છે." તેવું જણાવેલ.

(૫) શેરડી જતા રોડ ઉપર જુન–૨૦૦૬ થી ડીસેમ્બર–૨૦૧૧ સુધી કેટલીવાર કાર્પેટ કરવામાં આવેલ અને કયારે કયારે તેની તારીખ સહિતની સંપૂર્ણ વિગતો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " શેરડી જતા રસ્તા પર જુન–૨૦૦૬ થી ડીસેમ્બર–૨૦૧૧ સુધીમાં કાર્પેટ કરવા અંગેનો ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ.

(૬) પાંચ વર્ષ દરમ્યાન આ રોડ કાર્પેટ કરવામાં આવ્યો ન હોય તો કાર્પેટ ન કરવા માટેના કારણો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી" આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની રહે છે." તેવું જણાવેલ.

(૭) શેરડી જતા રોડની મરામત માટે નજીકના ગામો જેવા કે કનાજ, શેરડી, કોસમ વિગેરે ગામના રહેવાસી/ સરપંચ તરફથી કોઈ લેખિત ફરીયાદ કે રજુઆત મળી હોય તો તેની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " રસ્તા મરામત માટે મળેલ લેખિત ફરીયાદ બાબતે રૂા. ૨/– પ્રતિ નકલ ભર્યેથી મળી શકશે." તેવું જણાવેલ.

(૮) આ રોડ કાર્પેટ કરવા માટે આપની કચેરીમાં ફાઈલ ઉપર કામગીરી હોય તો તે રીપોર્ટ વિગેરે કરવામાં આવ્યા હોય તો જે તે અધિકારીના આદેશ/ રીમાર્કસ સહિતની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની રહે છે." તેવું જણાવેલ.

(૯) જહાંગીરપુરા ત્રણ રસ્તાથી વરીયાવ જકાતનાકાથી શેરડી જતા (શહેર હદ) સુધીના રોડને છેલ્લીવાર કયારે કાર્પેટ કરવામાં આવેલ તેની ઈજારદાર સહિત પેમેન્ટની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " જહાંગીરપુરા જંકશનથી વરીયાવ જકાતનાકા સુધીના મુખ્ય રસ્તાને છેલ્લે વર્ષ ૨૦૦૬–૦૭ માં ઈજારદારશ્રી અંબિકા કન્સ્ટ્રકશન કું. દ્વારા રૂા. ૮૫, ૪૦, ૮૩૬–૮૦ પૈ.ના ખર્ચે રીકાર્પેટ કરવામાં આવેલ છે જયારે વરીયાવ જકાતનાકાથી શેરડી જતા(શહેર હદ) સુધીના રસ્તાને રાંદેરઝોનથી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં સમાવિષ્ટ થયા બાદ કાર્પેટ કરવા અંગેની કામગીરીનો કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ.

(૧૦) કામની ગુણવત્તા બાબતે ઈજારદારને આપેલ સુચનો અથવા નોટીસોની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " કામની ગુણવત્તા બાબતે ઈજારદારને આપેલ સુચનો અથવા નોટીસ અંગેના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા માહિતી ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ.

(૧૧) મુદ્દા નં. ૯ માં જણાવેલ કામગીરી બાબતે વીઝીટ કરેલ અને ત્યાં હાજર રહેલ નાયબ ઈજનેર, કાર્યપાલક ઈજનેર અને ઝોનના વડાની જે તે દિવસની ડાયરીની નોંધની નકલ તથા વપરાયેલ વાહનોની લોગબુકની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " મુદ્દા નં. ૯ માં જણાવેલ કામગીરી બાબતે વીઝીટ કરેલ અને ત્યાં હાજર રહેલ નાયબ ઈજનેર, કાર્યપાલક ઈજનેર અને ઝોનના વડાની જે તે દિવસની ડાયરીની નોંધની નકલ રાંદેરઝોન કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ નથી તથા વપરાયેલ વાહનોની લોગબુકની વિગત બાબતે રાંદેરઝોન કચેરીએ દફતરી ઈન્સ્પેકશન કરવા માટે તા. ૯–૩–૧૨ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે પશ્ચિમઝોન(રાંદેર) કચેરીના સેકશન ઓફિસરશ્રી(ટેકનીકલ) સમક્ષ હાજર રહેવા વિનંતી છે. ઝોન કચેરીએ ઉપલબ્ધ ઉકત વિગતોનું દફતરી ઈન્સ્પેકશન પ્રથમ અડધા કલાક વિના મૂલ્યે અને ત્યારબાદ દર અડધા કલાકના રૂા. ૨૦/– લેખે મુકરર કરવામાં આવેલ ફી ભરપાઈ કર્યેથી પૂરું પાડવામાં આવશે, જેની નોંધ લેવા વિનંતી છે." તેવું જણાવેલ.

(૧૨) શેરડી તરફ જતા રોડ ઉપર સ્ટ્રીટ લાઈટ શરૂ કરવા ફાઈલ ઉપર થયેલ કાર્યવાહીની નકલ તથા જે તે ઓથોરીટીના આદેશની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " શેરડી તરફ જતા રોડ પર સ્ટ્રીટ લાઈટ માટેની સુવિધા અંગેની રાંદેરઝોન કચેરીએથી કાર્યવાહી થયેલ નથી." તેવું જણાવેલ.

(૧૩) શેરડી જતા રોડ ઉપર વરીયાવ જકાતનાકા પાસે ગુજરાત ગેસ કંપની દ્વારા ખોદાણ કરવામા આવેલ છે જે ખોદાણની કામગીરી પૂર્ણ થયા બાદ રોડને યથાવત સ્થિતિમાં બનાવવાની જવાબદારી ગુજરાત ગેસ કંપનીની થાય છે કે સુરત મહાનગરપાલિકાની તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " ઝોન વિસ્તારમાં વિવિધ એજન્સી મારફત ખોદાણ કરવામાં આવતી ટ્રેન્ચને રીસ્ટોરેશન કરવાની જવાબદારી જે તે એજન્સીની હોય છે. ત્યારબાદ કરવા જોગ મેટલ ગ્રાઉટીંગ/ પેચવર્ક ખાતાકીય રીતે કરાવવાનું હોય છે." તેવું જણાવેલ.

અરજદારે અપીલના મુદ્દા નં. ૧ માં માહિતી ૧ માસ અને ૨ દિવસ પછી પુરી પાડવામાં આવેલ છે. તેવી રજુઆત બાબતે અરજદાર કે જાહેર માહિતી અધિકારીએ અરજદારની મૂળ અરજીની નકલ રજૂ કરેલ નથી. અરજદારે ફકત માહિતી માંગતા પત્રક રજૂ કરેલ છે. જેમા અરજદારે અરજીની તા. ૨–૨–૧૨ જણાવેલ છે જયારે જાહેર માહિતી અધિકારીએ અરજીની તા. ૩–૨–૧૨ જણાવેલ છે તેમ છતાં બન્ને પક્ષકારોની અરજીની તારીખ ધ્યાને લેતાં અરજદારને માહિતી સમય અવધિના બીજા દિવસે પુરી પાડવામાં આવેલ છે. અરજદારની અપીલના મુદ્દા નં. ૨માં અરજીના મુદ્દા નં. ૧,૪, ૧૧ બાબતે અરજદારે લોગબુકની નકલની માંગણી કરેલ છે તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ અરજદારને ઈન્સ્પેકશન કરવા અને ચાર્જ ભરવા જણાવેલ છે. જે અંગે અરજદારે ઈન્સ્પેકશનનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તથા ચાર્જ કેટલા રૂપિયા ભરવાના થાય તે દર્શાવેલ નથી. તેથી માંગેલ માહિતી અનુસાર જવાબ સુસંગત નથી. તેવા પ્રશ્ન બાબતે અરજદારે લોગબુકએ ગાડીના વપરાશ માટેની નોંધણી થતી હોય છે અને આથી ગાડી કોર્પોરેશનના કોઈપણ અધિકારી કે કર્મચારી અને સુરત શહેરના કે સુરત શહેર બહારના વપરાશમાં પણ થઈ શકે છે. જયારે અરજદારને તેવી માહિતી ફકત વરીયાવ જકાતનાકાથી શેરડી કોસમ અને સારોલી રોડ પુરતા વપરાશની માંગણી કરેલ છે. આથી આવી માહિતી જુદી કરી શકાય નહિ અને તેથી જાહેર માહિતી અધિકારીએ ઈન્સ્પેકશન કરી લાગત સ્થળ પુરતી માહિતીની વિગતો મેળવી શકે તે માટે આરટીઆઈ કાયદાની કલમ–૭(૯)ની જોગવાઈઓ મુજબ સામાન્ય રીતે માહિતી જે સ્વરૂપમાં માંગવામાં આવી હોય તે સ્વરૂપમાજ પુરી પાડવી જોઈએ. સિવાય કે તેનાથી જાહેર સત્તામંડળના સ્ત્રોતો અપ્રમાણસર રીતે બદલાય અને વિવાદાગ્રસ્ત રેકર્ડની સલામતી અને જાળવણીને હાનિ થાય તેમ હોય તો તેવા સંજોગોમાં અરજદારને માંગેલી માહિતીનું ઈન્સ્પેકશન કરી જરૂરી માહિતી મેળવવાનો નિર્ણય લઈ શકે છે અને જે આરટીઆઈના કાયદા સાથે સુસંગત છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ તેવી તપાસણી નિયત સમય અવધિ બાદ અરજદારને જણાવેલ હોય, વિના મૂલ્યે પુરી પાડવાની રહે. અપીલના મુદ્દા નં. ૩ માં દૈનિક કામગીરી તથા પેમેન્ટના વાઉચરની નકલ માંગણી કરેલ તેની સામે પત્રક સામેલ કર્યાનું લખેલ છે પંરતુ ટપાલ સાથે પત્રક સામેલ કરેલ ન હતું કે તેઓ કોઈ પત્રક મળેલ નથી. ટેલીફોનીક સંપર્ક કરતા મોકલી આપવા જણાવેલ જે આજ દિન સુધી મળેલ નથી. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અત્રે દૈનિક કામગીરીની પત્રકની વિગતો જણાવેલ છે. જયારે સદરહું કામગીરી અંગે કોઈ પેમેન્ટ કરવામાં આવેલ નથી. તેથી વાઉચરનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

| અ.નં. | તારીખ | લોકેશન | કરવામાં આવેલ કામની વિગત |
|---|---|---|---|
| ૧ | ૦૫/૦૪/૨૦૦૭ | કનાજ | મેટલ ગ્રાઉટીંગ કરી પેચવર્ક અંદાજ ૫૦.૦૦ ચો.મી. |
| ૨ | ૧૫/૧૨/૨૦૦૭ | કનાજ જકાતનાકા થી રેલ્વે ફાટક | પેચવર્ક–૨૧૫ ચો.મી. |
| ૩ | ૧૭/૧૨/૨૦૦૭ | શેરડી–કનાજ ટર્નિંગ | પેચવર્ક–૨૧૫ ચો.મી. |
| ૪ | ૧૨/૦૫/૨૦૦૮ | વરીયાવ–કનાજ ટર્નિંગ | પેચવર્ક–૯૫ ચો.મી. |
| ૫ | ૧૭/૦૯/૨૦૦૮ | વરીયાવ–કનાજ જકાતનાકા રોડ | ઠંડા ડામરથી ગ્રાઉટીંગ ૧૨૫ ચો.મી. |
| ૬ | ૨૨/૧૧/૨૦૦૮ | કનાજ રોડ રેલ્વે ક્રોસીંગ પાસે | પેચવર્ક–૧૪૫ ચો.મી. |
| ૭ | ૨૫/૦૩/૨૦૦૯ | વરીયાવ કનાજ રોડ | આડાકટ–પેચવર્ક ૭૦ ચો.મી. |
| ૮ | ૧૦/૦૪/૨૦૦૯ | વરીયાવ કનાજ રોડ | પેચવર્ક–૧૦૮ ચો.મી. |
| ૯ | ૧૬/૦૪/૨૦૦૯ | વરીયાવ–કનાજ રોડ | પેચવર્ક–૬૫ ચો.મી. |
| ૧૦ | ૧૬/૦૫/૨૦૦૯ | વરીયાવ–શેરડી રેલ્વે ફાટક પાસે | પેચવર્ક–૬૫ ચો.મી. |
| ૧૧ | ૧૧/૧૧/૨૦૦૯ | વરીયાવ–કનાજ રોડ | જી.એસ.બી.થી ખાડા પુરાણ–અંદાજે ૦૬ નંગ |
| ૧૨ | ૨૫/૦૨/૨૦૧૦ | વરીયાવ–કનાજ રોડ | આડાકટ–પેચવર્ક ૫૦ ચો.મી. |
| ૧૩ | ૨૯/૦૮/૨૦૧૦ | વરીયાવ–કનાજ રોડ | ઠંડા ડામરથી ગ્રાઉટીંગ ૮૦ ચો.મી. |
| ૧૪ | ૨૦/૧૦/૨૦૧૦ | વરીયાવ–કનાજ રોડ | પેચવર્ક–૫૦ ચો.મી. |
| ૧૫ | ૨૮/૦૨/૨૦૧૧ | વરીયાવ–કનાજ રોડ | પેચવર્ક–૯૦ ચો.મી. |
| ૧૬ | ૨૮/૦૫/૨૦૧૧ | વરીયાવ–કનાજ રોડ | આડા ઉભા કટ પેચવર્ક–૧૭૬ ચો.મી. |
| ૧૭ | ૦૮/૧૧/૨૦૧૧ | વરીયાવ–કનાજ રોડ | કટ–પેચવર્ક ૧૬૫ ચો.મી. |

અપીલના મુદ્દા નં. ૪ માં અરજીના મુદ્દા નં. ૭માં કેટલી ફરીયાદ અરજી તથા નકલની માંગણી કરી છે તેના બદલે પ્રતિ નકલ રૂા. ૨/– જણાવેલ છે પરંતુ ફરીયાદની સંખ્યા તથા નકલ ચાર્જ કેટલા રૂપિયા ભરવાનો થાય તે દર્શાવેલ નથી. તેથી માહિતી અધૂરી છે તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં લેખિતમાં ફકત એક જ ફરીયાદ મળેલ હોવાનું ઉપલબ્ધ રેકર્ડ ઉપરથી જણાય છે જેથી સદર ફરીયાદ બાબતે રૂા.૨/– ભર્યેથી નકલ મળી શકશે. જે સમય મર્યાદા

બાદ નાણા ભરવાનો પત્ર પાઠવેલ હોય વિના મૂલ્યે અરજદારને નકલ પુરી પાડવાની રહે. અપીલના નં. ૫ માં અરજીના મુદ્દા નં. ૬ અને ૮ અન્વયે રોડ કાર્પેટ કરવા માટેના નિયમો જોગવાઈની નકલ આપવામાં આવે તે જરૂરી છે. જે અરજદારે મૂળ અરજીથી અલાયદી અપીલ તબક્કે માંગણી કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની રહે છે. તેવું જણાવેલ છે. ત્યાર બાદ પૂરક વિગતોમાં મુદ્દા નં. ૬ અંગે સદર જણાવેલ વિસ્તાર સુરત મહાનગરપાલિકામાં ૨૦૦૬ ની સાલમાં સમાવિષ્ટ કરવામાં આવેલ. જે વિસ્તારમાં વિવિધ સર્વિસ લાઈન જેવી કે પાણી/ડ્રેનેજ/ સ્ટોર્મ ડ્રેનેજ/ લાઈટ વિગેરેની કામગીરી થયેલ ન હોય કાર્પેટ કરવાની કાર્યવાહી કરેલ નથી. મુદ્દા નં. ૮ અંગે હાલમાં હયાત રસ્તાને કાર્પેટ કરવા અંગેના અંદાજ સક્ષમ સત્તાની મંજુરી અર્થે સાદર કરવામાં આવેલ છે. જેના નોંધ વિભાગની નકલ આ સાથે સામેલ છે. અપીલના મુદ્દા નં. ૬ માં અરજદારે અરજીના મુદ્દા નં.૧૨માં એજન્સીની જવાબદારી હોય તો મહાગરપાલિકાએ શા માટે યથાવત પરિસ્થિતિમાં ગાબડા પુરેલા છે તે કયા સંજોગોમાં. જે અંગે જાહેર માહિતી અધિકારીએ ઝોન વિસ્તારમાં વિવિધ એજન્સી મારફત ખોદાણ કરવામાં આવતી ટ્રેન્ચને રીસ્ટોરેશન કરવાની જવાબદારી જે તે એજન્સીની હોય છે. જેથી ગુજરાત ગેસ કં઼ું. દ્વારા ખોદાણ કરવામાં આવેલ તે ભાગમાં રોડને યથાવત સ્થિતિમાં તે કંપની દ્વારા સ્થળ ઉપર કરવામાં આવેલ છે. તેમજ શેરડી જતા મ્યુનિ. હદ વિસ્તાર સુધીના જ ભાગમાં અત્રેથી ગાબડા પુરી જરૂરી રીપેરીંગ કામ કરાવવામાં આવેલ છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૭–૩–૧૨ ધ્યાને લેતાં ૧૫–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૩૦–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૨–૦૨–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં જણાવેલ માહિતી અરજદારને નહીં પુરી પાડેલ હોઈ, મુદ્દા નં. ૩ દૈનિક કામગીરીની પૂર્તતામાં જણાવેલ વિગતો તથા મુદ્દા નં.૭ ફરીયાદની નકલ નંગ–૧ તથા મુદ્દા નં. ૬, ૮ અને ૧૨માં જણાવેલ પૂર્તતાની માહિતી તેમજ લોગબુક અંગે મુદ્દા નં. ૧,૪ અને ૧૧ બાબતે તપાસણીની માહિતી સમય અવધિ બાદ નાણાં ભરી માહિતી મેળવવા પત્ર પાઠવી પ્રસ્તાવ કરેલ હોઈ, જે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં અરજદારને પુરી પાડવા તત્કાલીન જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

(૧) પ્રતિ, તત્કાલીન જાહેર માહિતી અધિકારી–રાંદેરઝોન... જાણ તથા અમલ માટે
(૨) શ્રી અરવિંદ જી. પટેલ,